# ક્યાં છો આપ?, આ ક્યાં છો?

## અય ગુલે - ઝહેરા

અય ગુલિસ્તાને રિસાલતે ઇલાહીયહના સુંદર પુષ્પ, અય બોસ્તાને ઇસ્મતના બુલબુલ હઝાર દાસ્તાન, અય ચમનીસ્તાને ઇમામતની બહારે - દિલ - આફરીં અને વિલાયત અને હિદાયતના તાઝા પુષ્પ, અય તે પવિત્ર હસ્તી કે જેને ખાલિકે અર્ઝો સમાએ પોતાના વારસદાર ગણ્યા છે. અને અલ્લાહ અઝઝ વ જલ્લ પોતાના વાયદાને કદી ભુલતો નથી. બેશક, આપની હુકુમત આ ઝમીન ઉપર એ વખતે કાયમ થશે જ્યોર સમગ્ર ઝમીન જમાનાના ઝાલિમો, અત્યાચારીઓના ઝુલ્મો સિતમથી ભરપુર થઇ ચૂકી હશે. ખલ્કે ખુદા અમ્નો અમાન તથા સુલ્હ શાંતિ માટે બેચેન અને પરેશાન રહેશે. સાહેબે ઇમાન અને મુત્તકી લોકો ઝીલ્લત અને રુસ્વાઇ સાથે જીવન વ્યતીત કરી રહ્યા હશે. નિરાશા અને હતાશાથી આ હસીનો જમીલ દુનિયાનો ખૂણે ખૂણો ભરાઇ ગયો હશે. ઝુલ્મ, અત્યાચાર તથા સિતમ અને બળજબરી તેની પરાકાષ્ટાએ પહોંચી ગઇ હશે. અલ - હફીઝ, અલ-અમાન (શાંતિ-સલામતી)ની અવાજો બુલંદ થઇને દબાઇ જશે. ઇબ્લીસના વરુએ ચારે બાજુ દહેશતનું સામ્રાજ્ય ફેલાવી દેશે. બંદાઓ આસમાન તરફ દ્રષ્ટિ તાકીને બેઠા રહેશે. હૃદયના ઉંડાણમાંથી ચીસો નીકળશે. પરંતુ ઝુલ્મ અને અત્યાચાર તેના ગળા એ રીતે રુંધી નાખશે કે તેની ચીસો ગળામાંજ અટકી જશે. એવા ભયાનક અને નિરાશા જનક વાતાવરણમાં સુલ્તાને વિલાયત, હુકુમતે ઇલાહીયહ. ખુદાવંદે અઝઝ વ જલ્લાના હુકમથી પોતાના જમાલે લા - ઝવાલ (કદી નાશ ન પામે તેવા સૌંદર્ય)થી આખી દુનિયાને પ્રકાશિત કરવા લાગશે એક નવા પ્રભાતનો ઉદય થશે. નિરાશ ચહેરાઓ આશાથી ચમકવા માંડશે. ખુદાના પ્રતિનિધી ન્યાયના સિંહાસન ઉપર બેસીને ઝાલિમોનો અંત લાવશે. કારણકે ઇલાહી - વાયદો અચુક પૂરો થવાનો છે, અલ્લાહ તેના વાયદાનો કદી ભંગ કરતો નથી. આકા.... આજે લૂંટારાઓ ઇન્સાનોની નેતાગીરી સંભાળીને લૂટફાટ મચાવી રહ્યા છે. ન્યાયની ખૂરશી ઉપર ગુનેહગારોનો કબ્જો છે. તેઓ હકને નાહક (સત્ય ને જૂઠ) અને નાહકને હક કહીને ન્યાય કરી રહ્યા છે. મઝલૂમોને ફરિયાદ કરવાની પરવાનગી નથી. દુશ્મનો ન્યાયતંત્ર ઉપર કબ્જો જમાવી બેઠા છે. તારા ખુદા, તારા રસૂલ અને ખુદાના દિન ઉપર ઇમાન ધરાવનારાઓ સંસ્થાનવાદી... શક્તિઓના હાથે બળજબરી અને બરબાદીનો ભોગ બનીને તિરસ્કૃત અને હડધૂત થઇ એક પછી એક મૌતનો

શિકાર બની રહ્યા છે. તારા દાદાના દીનનો સ્વિકાર કરનારાઓના વંશને આયોજનપૂર્વક નાબુદ કરવામાં આવે છે. પ્રવર્તમાન સત્તાધિશોએ સમાજમાં લોકો અને ખુદાની મખ્લકુને પોતાની ગોચર (ચરવાની જગ્યા) બનાવી દીધી છે..... આ ખતરનાક પરિસ્થિતિ અને ભયાનક વાતાવરણમાં આપની ઝાત મખ્લુકનુ ઉત્તમ આશાસ્થાન અને જનતા તથા સમાજના લોકોનું આશ્રયસ્થાન છે. અને આપના આશિક?.. આહ.... તેઓ ખાંચાગલી, ગામડા, શહેરો, મસ્જીદો, ઝિયારતગાહો, વસ્તીઓ અને નિર્જન પ્રદેશોમાં હસરત અને હેરત તથા આંસુઓથી ભીંજાયેલ આંખોથી ઠંડા નિસાસા નાખતા વ્યાકુળ છે. ક્યારેક હરમે ખુદામાં..... મીઝાબે રહેમત, મકામે ઇબ્રાહીમ, હજરે ઇસ્માઇલ પાસે, ક્યારેક સફા અને મરવાની પહાડીઓ ઉપર જેને તેં શઆએર (તારી નિશાનીઓ)થી ઓળખાવેલ છે, તો ક્યારેકઅરફાતના મેદાનમાં, ક્યારેક મીનાની કુરબાનગાહોમાં તેની નિરાશાભરી નિગાહો તને દરેક જગ્યાએ શોધતી રહે છે. અય કાશ, તે હુજ્જતે ખુદા મળી જતે, જેના કદમ ચુમવાનો શરફ પ્રાપ્ત કરીને જમાનાની ફરિયાદો બયાન કરી શકત, પરંતુ તારી ઝિયારતથી વંચિત રહે છે.

જ્યારે મક્કાથી નિરાશ થઇનેમિદીના પહોંચે છે તો સૌથી પહેલા તારા જદ્દે બુઝુર્ગવારની કબ્રે મુતહહર ઉપર પહોંચે છે. તેની આંખો તારા ચેતનવંતા મુખને શોધતી રહે છે. પરંતુ નિરાશા, મિમ્બરે નબવી પાસે જઇને ચારે બાજુ જુવે છે. પરંતુ નામુરાદ... અય આકા, જ્યારે આપ ત્યાં પણ નજર ન આવ્યા ત્યારે ગમ અને શોકની હાલતમાં એ જગ્યાએ પહોંચે છે જ્યાં આપના વડીલોનાં મઝાર અને આપની દાદી મઝલૂમાની તૂટેલી કબર આવેલી છે. કબ્રોની વિરાની જોઇને તેને ડુસકાં આવી જાય છે. આહ, રાત્રીના સન્નાટામાં જ્યારે મદીનતુર રસુલ (અ.) રોશનીથી ઝળહળતું હોય છે, એ બેનૂર અને બેચિરાગ (અંધકારમય અને વિરાન) મઝારોને જોઇને ફરિયાદ અને આહોઝારી કરતા કરતા અવાજ બુલંદ કરે છે કે : પરવરદિગાર એ બકીયતુલ્લાહ ક્યાં છે? જેઓના પવિત્ર અસ્તિત્વ વગર આ દુનિયા કાએમ અને સ્થિર રહી શકે નહિ. બારે ઇલાહા તારા એ ખાસ નુમાઇન્દા ક્યાં છે? જેને તું ઝાલિમો અને સિતમગારોને જડમૂળથી ઉખેડી નાખવા માટે નિમેલ છે! ખુદાયા, તે મુસ્લહે અઅઝમ ક્યાં છે?જેનો દુનિયા એ માટે ઇન્તેઝાર કરે છે કે, તેઓ આવીને દુનિયાવાળાઓમા મતભેદ અને ઝુલ્મને દૂર કરીને તેઓને રાહે હક ઉપર લાવી દે! એ ક્યાં છે જેઓ મઝલૂમો અને કચડાયેલા ઇન્સાનો વતી બદલો લેનાર છે અને જેઓ ઉપર આખી દુનિયાની આશા બંધાયેલી છે કે જેઓ આવે, અને આવીને ઝુલ્મો-જોર, સરકશી, નાફરમાનીનાં મૂળીયા ઉખેડી નાખે. ઇસ્લામને નવજીવન અપર્નાર ક્યાં છે અને એ પવિત્ર

હસ્તી જેઓ નાબૂદ થઇ ગયેલી ફરજો, હાજતો અને ભૂલાવી દેવાયેલી સુન્નતોને પુનઃજીવીત કરે? ક્યાં છે એ મહાન હસ્તી જે મિલ્લતે ઇસ્લામિયા અને શરીયતે મોહમ્મદીયાને ફરીથી અમલમાં મૂકે? ક્યાં છે એ ઝાતે-ગિરામી? જેનાથી એ આશા બંધાયેલી છે કે જેઓ કુરઆને હકીમ અને તેના હકીમાના આદેશોને ફરીથી જીવંત કરે? ક્યાં છે એ ઝાતે વાલા સિફાત! જે ખુદાએ અઝઝ વ જલ્લે આપેલી તાકત અને કુદરતથી દીનો ઇમાન અને એહલે ઇમાનના ઝૂકી ગયેલા મસ્તકોને સરફરાઝી બક્ષે? ક્યાં છે એ મર્દે ખુદા જે શીર્ક અને નીફાકને પાયામાંથી નાખૂદ કરી નાખે? ક્યાં છે એ ફાસિકો, ફાજીર, (દુષ્ટ દુરાચારો) નાફરમાનો અને ધુષ્ટતા કરનારાઓની શાનો શૌકતના ફુર્ચા ઉડાવી દેનાર? ક્યાં છે એ અંધકાર (ગુનાહ) ગુમરાહી, અદાવત, દુશ્મની, દ્વેષ અને કપટના વૃક્ષોને જડ મૂળમાંથી ઉખાડીને ફેંકી દેનાર?

ક્યાં છે એ બાતિલ દષ્ટિકોણ અને નફસાની ખ્વાહીશોને નેસ્તો-નાબૂદ કરી દેનારો ક્યાં છે એ જૂઠ અને આક્ષેપબાજી કરનારાઓની રસ્સીઓને તોડી દેનાર? ક્યાં છે દુનિયાના તમામ ઘમંડીઓ અને ઉદઘંડોને હલાકત અને નાબુદીના ખાડામાં ધકેલી દેનાર? ક્યાં છે એ, જે હક સાથે અદાવત રાખનારાઓ અને ખલ્કે - ખુદાને અંધકારમય માર્ગે વાળનારને જમીન-દોસ્ત કરનાર? અય તે પવિત્ર હસ્તી, જે લોકો વચ્ચેના મતભેદો મિટાવીને તેઓને તકવા અને દીનના માર્ગ ઉપર એકઠા કરનાર! તું ક્યાં છે? અય તે કે જે ઇલ્મ અને ઇમાનના શહેરનું પ્રવેશ દ્વાર છે! તું ક્યાં છે? ક્યાં છે વજહુલ્લાહ જેની તરફ ખુદાવંદે કુદુસને અઝીઝ રાખનારાઓએ મુખ તાકી રાખ્યું છે? એ વસીલએ - હક ક્યાં છે જેણે ઝમીન અને આસમાન વચ્ચે સંબંધ જોડી રાખ્યો છે? રોઝે ફત્હ (વિજયના દિવસ)નો માલિક અને સન્માર્ગ અને હિદાયતના ધ્વજને સમગ્ર દુનિયા ઉપર ફરકાવનાર ક્યાં છે? લોકોની અસંબધ્ધતાને દૂર કરનાર અને વિખરાઇ ગયેલા લોકોને એક જગ્યાએ એકઠા કરનાર, લોકોના દિલોને ખુશી અને સાંત્વન આપનાર ક્યાં છે? ક્યા છે એ ઇમામનો બદલો લેનાર, અને એ જે ઉમ્મત ઉપર થતા ઝુલ્મો બદલ પયગમ્બરો અને પયગમ્બરોની અવલાદની મદદ કરશે? ક્યાં છે એ જે પોતાનો જદ્દે મઝલૂમ શહીદે કરબલા, તેમના સગા - સંબંધી અને અન્સારના ખૂનનો બદલો લેશે! ક્યાઃ છે એ જેને ખુદાવંદે આલમ ધૃષ્ઠતા કરનારાઓ, ખોટી આક્ષેપબાજી કરનારાઓ, અને ઝુલ્મો સિતમ કરનારાઓ ઉપર વિજય અને સફળતા આપશે. ક્યાં છે એ? જે ઝુલ્મો-જોરથી પરેશાન હાલ લોકો જ્યોર તેને મદદ માટે પોકારે છે ત્યારે તેની અવાજ ઉપર ‘લબ્બૈક’ કહે છે, તે ઇમામે કાએમ (અ.સ.) અને દુનિયાની ઉચ્ચતમ હસ્તી જે સદકાર્યો અને પરહેઝગારીના માલિક છે?

આ પ્રમાણે કહીને તે વ્યાકુળ અને ભગ્ન હૃદય આશિક, નિરાશ હાલતમાં લોહીના અશ્રુથી રડતા રડતા ફરિયાદ કરે છે. અય મુસ્તુફાના દિલબન્દ ક્યાં છો? અય અલીને મુરતુઝાના પારએ જીગર ક્યાં છો? અય બુલંદ મરતબાવાળા ખદીજએ-કુબ્રા (અ.સ.)ના નૂરે-નજર ક્યાં છો? અય ફાતેમા ઝહેરા (અ.સ.)ના ફરઝન્દે અરજુમન્દ ક્યાં છો? મારા મા-બાપ આપની ઉપર કુરબાન થઇ જાય, મારી જાન આપની પાકીઝા હસ્તીની સહાયક અને નિગેહબાન થઇ જાય અને ખુદાવંદે મુતઆલાના મુકર્રબ તરીન (સૌથી વધુ નિકટ) બુર્ઝુગોના ફરઝન્દ, અય દુનિયાવાળાઓમાં સૌથી વધુ કુલીન (પવિત્ર રક્તવાળા) અને શરીફ અને ઉચ્ચ કક્ષાએ બીરાજેલ હસ્તીઓના ફરઝંદ, અય હીદાયત પામેલા પેશવાઓના ફર્ઝન્દ, અય સૌથી વધારે માનવંતા રાહનુમાઓના ફરઝંદ, અય ખલ્કે ખુદાના શરાફતમંદો અને સરદારોના ફરઝંદ, અય પાકીઝા તરીને ઝાતે મુકદ્દસાના ફરઝંદ અને મુન્તખબે રોઝગાર જવાંમર્દોના ફરઝંદ, અય સખાવત અને શરાફતમાં અજોડ હસ્તીઓના ફરઝંદ, અય ચમકતા અને ઝળહળતા ચિરાગોના ફરઝંદ, અય આસમાનો ઇલ્મો-ઇમાનના ચમકતા સિતારાના ફરઝંદ, .... અય યાસીન અને ઝારીયાતના ફરઝંદ અય નૂર અને આદીયતના દિલબન્દ... અય ઇમામે ઝમાના! આ બેકરાર દિલોને ક્યારે અને ક્યાં શાંતિ મળશે? અને હક પરસ્તોના ગમ અને ઉદવેગને ખુશી અને આનંદમાં પરિવર્તન કરી નાખશે?

અય વલીએ અસ્ર! અય હુજ્જતે ખુદા! આપ કઇ સરઝમીન ઉપર કઇ જગયએ રહો (કયામ કરો) છો? શું આપનો કયામ સરઝમીને - રિઝવા પર છે? અથવા તો વાદીએ-ઝી-તૂવામાં આપનું રહેણાક છે? આકા, મારા માટે એ વાત અસહ્ય છે કે હું દુનિયાના લોકોને તો જોઇ શકું પરંતુ આપ (અ.સ.)ની ઝિયારતથી વંચિત રહું! એટલે સુધી કે આપ (અ.સ.)ની સરગોશી (ધીમા અવાજની વાત) પ ન સંભળાઇ શકે? એ વાત મારા માટે દુષ્કર છે કે હું આપની જુદાઇમાં ગમ અને શોકમાં ડુબેલો રહું અને મારી ફરિયાદ પણ આપની ખિદમતમાં ન પહોંચી શકે? હું મારી જાનની સકમ ખાઇને કહું છું કે આ એક અસ્વિકાર્ય હકીકત છે કે આપ અમારાથી દૂર નથી. હું મારી જાનની કસમ ખાઇને કહું છું કે આ એક અસ્વિકાર્ય હકીકત છે કે આપ અમારાથી દૂર નથી, હું મારી જાનની કસમ ખાઇને કહું છું કે મારાથી એ હસ્તી જુદી છે જે ક્યારેય પણ મારાથી જુદી નથી. હું મારી જાનની કસમ ખાઇને કહું છું કે : તમામ એહલે ઇમાનની તીવ્ર આરઝુ આપની ઝાતે-ગીરામી છે. અને તેમાંથી દરેક પુરુષ અને સ્ત્રી આપના દિદારના મુશતાક છે. આપની યાદ તેમને લોકોનાં અશ્રુઓથી રડાવે છે. હું મારી જાનની કસમ ખાઇને કહું છું કે : આપ ઇઝઝત અને એહતેરામના

એ અઝીમ મરતબા ઉપર બીરાજો છો જે દરજ્જે બીજું કોઇ પહોંચી શકતું નથી. આપ ઇઝઝત, બુઝુર્ગી શરાફત અને ઇઝઝતના એ પાયારુપ સ્તંભ છો, જયાં સુધી પહોંચવું કોઇ હસ્તી માટે શક્ય નથી. મારી જાનની કસમ ખાઇને કહું છું કે આપનું વજુદ અલલહની એ નેઅમતોમાંથી છે જની કોઇ ઉપમા મળી શકતી નથી.

યબ્ન હસન, યબ્નલ હસન અઅજીલ અલા ઝોહૂરેક અક્ષ્ઝીલ અલા ઝોહૂરેક. અલ્લાહુમ્મ અક્ષ્ઝીલ લેવલીય્યેકલ ફરજે બેહક્કે મોહમ્મદીંવ વ આલેહીત તાહેરીન.

ક્યાં છો આપ? અય ગુલે-ઝહેરા આપ ક્યાં છો?

# હઝરત ઇમામે અસ્ર અલયહિસ્સલામનો લકબ 'અલ-મહદી'

નબુવ્વત અને ઇમામતના ક્રમનો હેતુ લોકોની હિદાયત છે. (અજ્ઞાનતાના) અંધકારમાંથી મુક્તિ અપાવવી. ખરાબ ચારિત્ર્યથી પાક કરવા, માનવતાના ગુણોથી શોભાયમાન કરવા, પશુ જેવી ટેવો છોડાવવી અને ઇન્સાનને તેના નફસ ઉપર કાબુ મેળવવા માટે તૈયાર કરવો... પરસ્પર મેળ-મોહબ્બત, સતય અને વિશુધ્ધતાને અમલમાં મુકવા, દ્વેષ, ઇર્ષા, દુશ્માનવટથી દિલોને સાફ કરવા, બીજાઓના દુઃખોને સમજવા, પોતાના (સ્વાર્થ) ઉપર બીજાને અગ્રતા આપવી, સંક્ષિપ્તમાં, બધી રીતે તેને 'ઇન્સાને - કામિલ' (સંપૂર્ણ-માનવ) બનાવવા અને અંબિયા અન અવલીયા અલયહેમુસ્સલામનો આદર્શ રહ્યો છે.

## નફસાની ખ્વાહીશો - હીદાયતમાં અડચણ

ખ્વાહીશાતે નફસ ઉપર પ્રભુત્વ મેળવવા માટે પાકીઝા ફીતરત પરત્વે સંપૂર્ણ ઝુકાવ અને અકલની ઉચ્ચતા અનિવાર્ય છે. ખ્વાહીશાત એટલી બધી ખુશનુમા અને સુવાળી હોય છે કે જેવો ઇન્સાન તેના વિશે વચારે કે તરતજ તેને પોતાની તરફ મોહીલે છે. ઇન્સાન પહેલા ખ્વાહીશાતનો કેદી બને છે અને પછી ખ્વાહીશાતોના હાથે કતલ (બરબાદ) થઇ જાય છે. ખ્વાહીશાત પર પ્રભુત્વ મેળવવા માટે પુખ્ત બનવું જરુરી છે. પુખ્યતા અને અકલી સમજણ એકાએક આવી જતી નથી. બાળક ધીરેધીરે સારા નરસાની પરખ કરતા શીખે છે. માનવ ધીમે ધીમે નેક અને કદની સમજણ પ્રાપ્ત કરે છે. ઇન્સાન તબક્કાવાર પ્રગતિ કરે઼. ઇન્સાની - અકલ એક પછી એક મંઝીલ સર કરતા કરતા મંજીલે કમાલ પ્રતિ આગળ વધે છે. આ સમજણ અને કમાલ અગાઉન હતા. પ્રવર્તમાન યુગમાં અકલ તો અમુક અંશે સંપૂર્ણ થઇ છે, પરંતુ પાકીઝા ફિત્રત સુધી પહોંચેલ નથી. જારે અકલ બધી રીતે સંપૂર્ણ થઇ જાશે, સમજણ પુખ્ત બની જશે, ફિત્રત જાગ્રત થઇ જશે ત્યોર સાચા માર્ગદર્શનના પ્રકાશમાં, ઇન્સાન પોતાની મેળે જ દીને-હક તરફ આવવા માંડશે. જ્યારે મખ્લુકાતની હકીકત મખ્લુક સ્પષ્ટ રીતે જાણી લેશે, તકદીરે આલમ દુનિયાના પ્રારબ્ધમાં તેની વિવશતા જાહેર થઇ જશે, ત્યારે ઇન્સાન ગૈર ખુદાના પૂજાથી પાછળ હટી જશે. એટું જ નહીં ખુદાએ - હકીકીની સામે સિજદામાં મસ્તક ઝૂકાવી દેશે. અને તે વખતે દીને-હક તમામ વિચાર ધારાઓ ઉપર પ્રભુત્વ મેળવી લેશે.

અંબિયાએ-કિરામ અને અવલિયાએ એઝામનો હેતુ ઇન્સાનોની હિદાયત છે. ખાસ કરીને આપણા નબીએ કરીમ હઝરત

મોહમ્મદે મુસ્તુફા (સ.અ.વ.)ને તો આખી સૃષ્ટિ માટે મોકલવામાં આવ્યા. તેઓ (સ.)ને બધી દુનિયાઓ માટે રહમત બનાવીને મોકલવામાં આવ્યા હતા. આપ (સ.અ.વ.)ની ઝાતે બાબરકત ઉપર જ દીને મોબીન પૂર્ણતાએ પહોંચ્યો હતો. દીનને વ્યાપાક અને વિસ્તૃત કરવાની જવાબદારી અવસીયાએ બરહક અલયહેમુસ્સસલામને સોંપવામાં આવી હતી. સમય અને સંજોગોએ અઇમ્મએ માસૂમીન (અ.સ.)ને એટલી ફુરસત ન આપી કે તેઓ દીને મોબીનને બાકાયદા પ્રચલીત કરી શકે અને દુનિયાના ખૂણે ખૂણામાં ‘હકીકીદીન’ પહોંચાડી શકે. વાત એ હદ સુધી પહોંચી ગઇ હતી કે કાતો તેઓ (અ.સ.) તલવાર લઇને મેદાનમાં આવી જાય અથવા મોન રહે. તલવાર ઉઠાવવામાં તેઓ (અ.સ.)ને પોતાનો હક તો મળી જાત પરંતુ સાથો સાથ દીનની પાયમાલી અને મુસલમાનોની ખૂનરેજી થવાનો પણ પ્રશ્ન હતો. લોકો નવા નવા મુસ્લિમ બન્યા હતા અને તે લોકોમાં એટલી સમજણ ન હતી કે તેઓ સત્ય અને જૂઠ વચ્ચેનો ભેદ પારખી શકે તેમજ એ પરિસ્થિતિને પચાવી શકે. મૌલાએ કાએનાત હઝરત અલી બિન અબી તાલિબ (અ.સ.)ના શબ્દોમાં ‘અને હું વિચારવા લાગ્યો કે હું મારા કપાએલા હાથો વડે હુમલો કરું કે એ અંધેર ઉપર સબ્ર કરી લઉં જેના સદમાથી મોટી ઉમરની વ્યક્તિ વૃદ્ધ (અશક્ત) અને નાના (બાળકો) બુઢા થઇ જાય અને મોમિન રંજ અને સદમો ઉઠાવતો રહે એટલે સુધી કે તે પોતાના રબ સાથે મુલાકાત કરી લે. તો મને આ મુસીબત માટે સબ્ર કરવાનું જ યોગ્ય લાગ્યું. તેથી મે સબ્ર કરી એ રીતે કે એ સદમાથી મારી આંખોમાં કણાં પડ્યા હતા અને ગળામાં હડ્ડી ફસાઇ હતી.’

(નહજુલ બલગાહ, ખુત્બા : ૩)

લગભગ દરેક ઇમામની આવી જ પરિસ્થિતિ રહી હતી. તેથી અઇમ્મએ માસુમીન અલયહેમુસ્સલામે પોતાનું બધું ધ્યાન દીને હક અને તેની તાઅલીમાતની જાળવણી ઉપર કેન્દ્રિત કરી દીધું હતું તેથી જ તેઓએ અમુક લોકોની તરબીય્યત કરી અને તેઓને સંપૂર્ણ માનવના નમૂના બનાવ્યા જેથી કરીને દીને હક પોતાની તાઅલીમાત સાથે ઇલ્મી રીતે કિતાબોમાં અને અમલી રીતે અસ્હાબે કામિલના સ્વરુપમાં રહે. હાલમાં દીનની જે શકલ નજરે પડે છે તે એ હઝરાતની તાલીમાત અને હિફાઝતનું પરિણામ છે. જો તે હઝારતે દીને હિફાઝત કરી ન હોત તો દીન ખતમ થઇ ગયો હોત. તેઓના વજુદ અને તાઅલીમાતની અસર છે કે હવસખોર ઓલમા અને ઝાલિમ સત્તાધિશો દીનને જાહેર કરવા માટે મજબૂર બની ગયા હતા.

દીનને પ્રચલિત કરવાની અને હિદાયતે - કામિલની જવાબદારી છેલ્લા ઇમામ (અ.સ.)ને સોંપવામાં આવી છે. જેથી આપ

(અ.સ.) ઝુહુર ફરમાવશે ત્યારે આખી દુનિયામાં દીન ફેલાવશે. દરેકને સેરાતે મુસ્તકીમ ઉપર લાવશે. દુનિયામાં કોઇ સરોતે - મુસ્તકીમનું વિરોધી નહીં હોય. ઇન્સાન ખરા અર્થમાં ઇન્સાન હશે દુનિયાનો ખૂણે ખૂણો હઝરત ઇમામ મહદી (અ.સ.)ના ઝહૂરે - પૂર - નૂર પછી હીદાયત પામેલો હશે. તેથી આપ (અ.સ.)ને હાદી અને મહદી કહેવામાં આવે છે.

## બધા ક્ષેત્રમાં હિદાયત

વૈચારીક હિદાયત, અમલની હિદાયત, અખ્લાકની હિદાયત, કાર્યોની હિદાયત, દિલની હિદાયત, સામુહિક હિદાયત, વ્યક્તિગત હિદાયત. - આમ જીવનનું કોઇ જ ક્ષેત્ર હિદાયતથી ખાલી નહીં હોય. ઇન્સાનો માટે જ નહીં, પરંતુ સમગ્ર કાએનાત હિદાયત પામશે. ફીત્ના - ફસાદ, દુષ્કાળ અને મોંઘવારી, નવી નવી બિમારીઓ, નવી નવી મુશ્કેલીઓ, નવા કોયડાઓ.... આ બધી દુવિધાઓ ઇન્સાનના ખરાબ કાર્યોનાં પરિણામ છે. જ્યારે ઇન્સાન પોતાના ખરાબ કાર્યા છોડી દેશે અને સેરાતે મુસ્તકીમ (હિદાયતના સીધા માર્ગ) ઉપર આવી જશે, ત્યારે ફિત્ના ફસાદનો આપમેળે જ અંત આવી જશે. દુષ્કાળ દૂર થઇ જશે. સમગ્ર ધરતી હરિયાળી થઇ જશે. ડર અને આતંકનો અંત આવી જશે. ચારે બાજુ અમ્નો - અમાન હશે. રિવાયતોમાં હઝરત ઇમામે અસ્ર અલયહીસ્સલામનો લકબ 'અલ-મહદી'ના અનુસંધાનમાં એ સ્પષ્ટ જોવા મળે છે કે : હઝરત (અ.સ.)ને મહદી એ માટે કહેવામાં આવે છે કે : 'તેઓ (અ.સ.) લોકોનું છુપી વાતો પ્રત્યે માર્ગદર્શન કરશે. તેઓ લોકોના તમામ રહસ્યો અને ભેદોને જાણતા હશે. એટલે સુધી કે કે જો કોઇ ઘરની ચાર દિવાલોની વચ્ચે કોઇ વાત કરશે તો તે દિવાલો હઝરત (અ.સ.)ની સામે સાક્ષી આપશે.' એક રિવાયત પ્રમાણે હઝરત (અ.સ.) ખોવાઇ ગયેલી વસ્તુઓ પ્રત્યે લોકોને માર્ગદર્શન આપતા હોઇ તેઓ (અ.સ.)ને મહદી (અ.સ.) કહેવામાં આવે છે.

(બેહાર : ૫૧/૩૦)

બીજી એક રિવાયતમાં આ પ્રમાણે બયાન કરવામાં આવ્યું છે કે : જનાબે જાબિરે - જોઅફીની રિવાયત છે કે : હું હજરત ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ની ખિદમતમાં હતો, ત્યારે એક શખ્સ હાજર થયો. અને અર્ઝ કરવા લાગ્યો : ખુદા આપની ઉપર રહમત નાઝિલ કરે. આ પાંચસો દિરહમ મારા માલની ઝકાત છે, તેને આપ કબુલ કરીને ખર્ચ કરો. હઝરતે ફરમાવ્યું : તું પોતે જ મુસલમાન પાડોશીઓ, યતિમો, ફકીરો, અને ભાઇઓમાં વ્હેંચી દે. કારણકે ઇમામે વક્તની ખિદમતમાં એ વખતે ઝકાત પેશ કરવી

વાજીબ છે, જયારે અમારા કાએમનો ઝુહુર થશે અને તેઓ તેને સમાન રીતે વ્હેંચી દેશે. અને સારા અને ખરાબ વચ્ચે અદલો ઈન્સાફથી હુકુમત કરશે. જેઓ તેમની પૈરવી કરશે તેણે ખુદાની પૈરવી કરી ગણાશેજે તેમના હુકમની અવગણના કરશે તેણે ખુદાનો વિરોધ કર્યો ગણાશે.

તેઓને 'મહદી'એ માટે કહેવામાં આવે છે કેખુદા ગુપ્ત બાબતો પ્રત્યે તેઓની રાહૂનમાઇ કરશે. તે તૌરેત માનનારાઓની તૌરતથી અને ઈન્જીલના માનનારાઓની ઈન્જીલથી ઝબુરની માનવાવાળઓને ઝબુરથી અને મુસલમાનો વચ્ચે કુરઆને કરીમથી ફૈસલો કરશે.

દુનિયાની સમગ્ર સંપત્તિ જે જમીનના પેટાળમાં છે અને જમીનની ઉપર છે તે બધી તેઓ પાસે ભેગી થઇ જશે અને તેઓ લોકોને કહેશે : આવો, જે માલ માટે તમે લોકો એક બીજાના જીવ લઇ લેતા હતા, પરસ્પરનો સંબંધ તોડી નાખતા હતા, બીજાનું રક્ત વહાવતા હતા, હરામ કાર્યો કરતા હતા, આવો, એ માલ લઇ લો. ખુદાવંદે આલમ તેઓને એ સ્થાન અને મરતબો આપશે જેવો મરતબો આ પહેલા કોઇને અપાયો ન હતો.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ ફરમાવે છે કે : તેઓ મારાથી છે, તેઓનું નામ મારું નામ છે. ખુદાવંદે આલમ તેઓના વજૂદમાં મારી સુરક્ષા કરશે. તેઓ મારી સુન્નત ઉપર અમલ કરશે. ઝમીને ખુદાને એવી રીતે અદલો-ઈન્સાફ અને નૂરથી ભરી દેશે, જે રીતે તે ઝુલ્મો-અત્યાચાર અને બુરાઇઓથી ભરી હશે.

(બેહાર, ૫૧/૨૯)

હઝરત અલ્લામા મજલીસી (રહ.) ઉપરોક્ત હદીસના હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના આ વાક્ય 'ખુદાવંદે આલમ તેઓના વજૂદમાં મારી સુરક્ષા કરશે.'નું વિવરણ આ પ્રમાણે કરે છે 'ખુદાવંદે આલમ મારો હક અને એહતેરામ તેને અતા કશે. તેઓની મદદ કરશે. તેઓને ટેકો આપશે. એટલે સુધી કે વિશ્વના લોકો રસુલે ખુદા (સ.અ.વ.)ના એહતેરામ અને હકની રીતે તેઓને ઓપખશે.' 'અલ-મહદી' લકબ હઝરત વલી અસ્ર અલયહિસ્સલામ માટે કદાચ એ માટે મખ્સુસ કરવામાં આવ્યો હોય કે આપ (અ.સ.)નાજ ઝમાનામાં સમગ્ર દુનિયામાં હિદાયત હશે કોઇ એક વ્યક્તિ પણ ગુમરાહ નહીં હોય.

અમુક લોકો એ પ્રશ્ન કરે છે કે મહદીનો અર્થ 'હિદાયત પામેલા' છે. અને હાદીનો અર્થ 'હિદાયત કરનાર' છે આ અર્થમાં

હઝરત મહદી હિદાયત પામેલા છે હિદાયત કરનાર નથી.

આ પ્રશ્નનો જવાબ એ છે કે જે હિદાયત પામેલ હશે, તેજ હિદાયત કશે, જેહિદાયત પામલ નહીં હોય તે શું હિદાયત કરશે. જે મુજસ્સમ (સંપૂર્ણ) હિદાયત પામેલા હશે તેજ મુજસ્સમ હાદી છે. જેણે ઇલ્મ મેળવ્યું હશે તે જ મોઅલ્લીમ બનશે. જો કોઇ પોતેજ ઇલ્મથી કોરો હોય તે બીજાને શું ઇલ્મ આપે?

ગૈબતે - કુબરા અને ગૈબતે - સુગરાનો સંપૂર્ણ ઇહિાસ સાક્ષી છે કે જેણે દિલના ઉંડાણથી હઝરત ઇમામ મહદી (અ.સ.) પાસેથી હિદાયત ચાહી તો હઝરતે (અ.સ.) તેને હિદાયત આપી, કોઇને પણ હિદાયતથી વંચિત ન રાખ્યા. આજે પણ જે સાચા દિલથી હિદાયત મેળવવાની ઇચ્છા રાખે છે તેને તેઓ અવશ્ય હિદાયતથી નવાઝે છે.

* * * * *

# ઇમામે ઝમાના (અ.સ.)

## બેતાબ કરારવી

ખૌફ તુફાંકા, ન ગરદાબકા ડર બાકી હય,

દિલ હય બેતાબ મગર અઝમે-સફર બાકી હોય.

મૌજે તૂફાન તો બેદાદ પે માયલ હય મગર

અઝમ કા સાથથ હય સાહિલ પે નઝર બાકી હય.

બહરે મવાજ મેરી કશ્તી ડૂબોતી ક્યું કર,

નાખુદા મેરે સફીનેકા અગર બાકી હય.

ગેસુંએ શબને બડી તેરગી ફયલાઇ હય,

તારે કહેતે હંય કે ઉમ્મીદે - સહર બાકી હય.

ખૌફે સયયાદ નહીં, એહલે કફસ ભી હય અદુ,

તોડા હય યું કે ન પરવાઝ ન પર બાકી હય.

ઐસે હાલાતમેં અય સાકીએ - કૌસર કે પીસર,

તુમ ચલે આવો અભી તાબે નઝર બાકી હય.

કૈસે દુનિયા કે ઉજાલોંપે અંધેરા છા જાએ,

એહલેબયતે નબવીકા જો કમર બાકી હય.

કીસમેં હીમ્મત હય કે ગુલ કરદે મોહમ્મકા ચરાગ,

પરદએ - ગૈબમેં ઝહરા કા પિસર બાકી હય.

આજ ફીર વક્ત કા ફીરઔન ખુદા બન બયઠા,

મૂસ-એ-અસ્ને-રવાં સીના-સીપર બાકી હય.

સત્હે-દીરયાપે કરો આકે જમાઅત કાયમ,

મ્વજોં પે બાબે - હવાએજકા અસર બાકી હય.

ઇનતકામે-શહે-મઝલૂમ તુજહે લેના હય,

તેરે પહલુમે મોહમ્મદ કા જીગર બાકી હય.

યેહ સુના હય કે વોહ કાઅબેસે બરામદ હોંગે,

બયતે અલ્લાહ પે 'બેતાબ' નઝર બાકી હય.

# અકીદએ ઇમામ મહદી (અજ.)

## હઝરત ઇમામ મહદી અલયહીસ્સલામની ઇમામત અગાઉ લખાયેલું પુસ્તક

હઝરત ઇમામ મહદી અલયહીસ્સલામની વિલાદત (હી.સ. ૨૫૫)ની પહેલા બુઝુર્ગ મરતબાવાળા ઓલમા અને અઇમ્મએ માઅસૂમીન અલયહેમુસ્સલામના અસ્હાબે કેરામ રિઝવાનુલ્લાહ અલયહીમે હઝરત ઇમામ મહદી અલયહીસ્સલામ વિશે રિવાયતો બશારતો.... વગેરે પર આધારિત ઘણી કિતાબો લખી છે.

આ એક અફસોસજનક હકીકત છે કે તે કિતાબો પૈકી મોટા ભાગની કિતાબો યુગના અકસ્માતોનો ભોગ બની ગઇ અને તે કારણે આપણા સુધી પહોંચી ન શકી. એ કિતાબો પૈકીની એક અત્યંત મહત્ત્વની કિતાબ જે ખુદાવંદે આલમની ઇનાયતોથી આપણા સુધી પહોંચી, તેનું નામ ‘અસ્બાતુર - રજઅહ’ છે. આ ખૂબજ જુની કિતાબ છે, આ કિતાબ જલીલૂલ કદ્ર સહાબીએ ઇમામ (અ.સ.) જનાબ ફઝલ બિન શાઝાન નૈશાપૂરીએ લખેલી છે.

જનાબ અબૂ મોહમ્મદ ફઝલ બિન શાઝાન બિન ખલીલ નૈશાપૂરી ઇમામ અલીનકી અલયહિસ્સલામના જલીલુલ કદ્ર સહાબી, બુઝુર્ગ મર્તબાવાળા ફકીહ અને મોતકલ્લીમ (પ્રખર વક્તા) હતા. તેઓ હી.સ. ૨૬૦માં ઇન્તકાલ પામ્યા. આ એ વર્ષછે જે વર્ષમં હઝરત ઇમામ હસન અસ્કરી અલયહીસ્સલામની શહાદત થઇ, અને હઝરત મઇામ મહદી અલયહીસ્સલામની ઇમામતનો પ્રારંભ થયો. આનાથી એ વાત સ્પષ્ટ થાય છે કે : ‘અસ્બાતુર - રજઅહ’ નામની કિતાબ હી.સ. ૨૬૦ પહેલા લખવામાં આવી છે. અથવા મોડામા મોડી એ જ વર્ષમાં લખાઇ છે. તેમજ આ કિતાબ કેટલી જૂની છે તે પણ જાણવા મળે છે. આ રીતે આ કિતાબ અત્યંત મહત્ત્વની છે. હઝરત ઇમામ મહદી અલયહીસ્સલામના અકીદા વિશે આ ીકતાબનુંએ ક આગવું અને મહત્ત્વપૂર્ણ સ્થાન છે.

કુતુબે - રેજાલ (રેજાલના પુસ્તકો)માં જનાબ ફઝલ બિન શાઝાનના ૮૦ (એંશી) પુસ્તકોનો ઉલ્લેખ જોવા મળે છે. ‘અલગયબત’ અને ‘અસ્બાતુર - રજઅહ’ આ બન્ને કિતાબો હઝરત ઇમામ મહદી અલયહીસ્સલામ, તેઓ (અ.સ.)ની ગયબતના ઝમાનાની પરિસ્થિતિ અને ઝુહુર..... વગેરે બાબતો ઉપર આધારિત છે. ‘અલ - ગયબત’ નામની કિતાબ જનાબ સૈયદ

મોહમ્મદ મીર લવ્હી ઇસ્ફહાની મરહુમ (વફાત ૧૦૮૩)ના ઝમાના સુધી હતી. તેઓ એ પ્રકાશિત કરેલી કિતાબ 'કિફાયતુલ - મહદી'માં મજકૂર કિતાબમાંથી સીધે - સીધી હદીસો લઇને નોંધી છે. પરંતુ 'અલ - ગયબત' નામની તેઓની કિતાબ હાલમાં અપ્રાપ્ય છે. જે કિતાબોમાં તેનો સંદર્ભ (રેફરન્સ) આપીને કોઇ વાત લખવામાં આવી હોય, તેમાંથી એ કિતાબ (અલગયબત)માં વર્ણવાએલ બાબતો જાણી શકાય છે.

'અસ્બાતુર - રજઅહ' પણ સંપૂર્ણ (મૂળ સ્વરુપમાં) આપણા સુધી પહોંચી નથી. ખુદાની ઇનાયતોથી માત્ર તેનું સંક્ષિપ્ત સ્વરુપ બાકી રહેલે છે. નવમી સદીના મશહૂર આલિમ, સાહેબે - કિતાબ 'અલ અન્વારુલ મસ્ફીયહ' જનાબ સૈયદ બહાઉદ્દીન અલી નયલી નજફીએ આ સંક્ષિપ્ત કાર્ય કરેલ છે. જેની અમુક પ્રતો મૌજુદ છે. તેમાંની એક પ્રત આયતુલ્લાહુલ ઉઝમા હઝરત સૈયદ મોહસીન હકીમ રહમતુલ્લાહ અલયહના પુસ્તકાલયમાં મૌજુદ છે. બીજી પ્રત  શયખ મોહમ્મદ સમાવી મરહૂમ નજફે - અશરફમાં તેમજ ત્રીજી પ્રત કૂતુબે ખાનએ - આસ્તાને - કુદસ - રઝવી (લાઇબ્રેરી) મશહદ (ખુરાસાન - ઇરાન)માં મૌજુદ છે. આ ત્રણેય પ્રતો એ એક ભાગની નકલ છે, જેને જનાબ શયખ હુર્રે આમેલી રહમતુલ્લાહ અલયહ (વફાત - ૧૧૦૪) સંપાદન કરેલ છે.

આ કિતાબનું મહત્ત્વ એ રીતે પણ વધારે છે કે તે હઝરત ઇમામ હસન અસ્કરી અલયહીસ્સલામની શહાદત પહેલા લખવામાં આવી છે. આ કિતાબમાં હઝરત ઇમામ મહદી અલયહીસ્સલામ વિશેની રિવાયતો અને બશારતો મૌજુદ છે. આ કિતાબમાં હઝરત ઇમામ મહદી અલયહીસ્સલામની હક્કાનીયત પર શંકા ઉપસ્થિત કરતા દુશ્મનોના પાયા વિહિન આક્ષેપોનો જવાબ આપવામાં આવ્યો છે. મોટા ભાગના ઉપર છલ્લું જ્ઞાન ધરાવતા લેખકો એવો એઅતરાઝ કરે છે કે હઝરત ઇમામ મહદી અલયહીસ્સલામની ગયબતનો અકીદો હઝરત ઇમામ હસન અસ્કરી અલયહીસ્સલામની વફાત પછી ઘડી કાઢવામાં આવ્યો છે હકીકતમાં આ કિતાબ હઝરત ઇમામ અસ્કરી અલયહીસ્સલામની વફાત અને હઝરત ઇમામ મહદી અલયહીસ્સલામની ગયબતની પહેલા લખવામાં આવી છે, અને આ કિબમાં હઝરત ઇમામ મહદી અલયહીસ્સલામની ગયબત અને બીજી વિશેષતાઓનો ઉલ્લેખ છે.

જનાબ ફઝલ બિન શાઝાને આ કિતાબમાં જે રિવાયતોનો ઉલ્લેખ કર્યો છે. તે જલીલૂલકદ્ર અસ્હાબે અઇમ્માથી નકલ કવરામાં

આવી છે. હાઝરત ઇમામ જાઅફર સાદિક અલયહીસ્સલામની અને તેઓની પહેલાના અઇમ્મા અલયહેમુસ્સલામની હદીસો સફવાન બિન યહ્યા, મોહમ્મદ બિન અલી ઉમરે અને હસન બિન અલી બિન ફઝાલ જેવા મોઅતબર અસ્હાબથી નકલ કરવામાં આવી છે. હઝરત ઇમામ અલી નકી અલયહીસ્સલામ અને હઝરત ઇમામ હસન અસ્કરી અલયહીસ્સલામની રિવાયત ફક્ત એક સંદર્ભથી અહમદ બિન ઇસ્હાક કુમ્મી, અબદુલ્લાહ બિન હસન કાતિબ અને મોહમ્મદ બિન અલી બિન હમઝહ વગેરે જેવા મુસ્તનદ (સ્વિકૃત) રાવીઓ દ્વારા નોંધવામાં આવી છે.

જનાબ સૈયદ અલી બિન અબ્દુલ કરીમ નયલી મરહૂમ જેઓએ આ કિતાબનો ખુલાસો લખેલ છે, તેઓએ માત્ર ૨૦ હદીસો ચૂંટી છે. જો કે મૂળ કિતાબ ઉપલબ્ધ નથી. તેથી મૂળ કિતાબ પૈકી આટલો (વીસ હદીસનો) ખજાનો સુરક્ષિત રહી શક્યો છે.

જો કે કિતાબનું નામ ‘અસ્બાતુર રજઅહ’ છે, પરંતુ માત્રા સાતમી અને સોળમી હદીસ રજઅતના વિષયને લગતી છે. આસંક્ષિપ્ત લેખ ‘અસ્બાતુર રજઅહ’ના તરજૂમા ઉપર આધારિત છે. આ ખાસ અંકના સ્થળ સંકોચને ધ્યાનમાં રાખીને હદીસોના સંદર્ભ લખવામાઃ આવ્ગ્ય નથી. પરંતુ માત્ર હદીસોનો અનુવાદજ પ્રસ્તુત કરવામાં આવે છે. હદીસોનું મૂળ લખાણ પણ નોંધવામાં આવ્યું નથી. આ ઉપરાંત જે હદીસો ઇમામ મહદી અલયહીસ્સલામ વિશેની નથી તેને પણ પ્રસ્તુત કરેલ નથી. જે બિરાદરો આખી મૂળ કિતાબનો અભ્યાસ કરવા માગતા હોય તેઓ ‘તરાસના’ નામના સામયીકના વર્ષ ૪ હિજરી સન ૧૪૦૯ના અંક નં. ૫નો અભ્યાસ કરી શકે છે. હદીસોનો શક્ય તેટલો સહેલો અનુવાદ કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. અલબત્ત અમુક જગ્યાએ સ્પષ્ટતા માટે (            ) કૌંસમાં શબ્દોનો વધારો કરવામાં આવ્યો છે. હવે આપની સમક્ષ એ અનુવાદ પ્રસ્તુત છે.

## ‘‘મુખ્તસર - અસ્બાતુર - રજઅહ’’ કિતાબનો અનુવાદ

### હદીસ નં. ૧

હઝરત ઇમામ અમીરુલ મોઅમેનીન અલયહીસ્સલામે જનબા સોલયમ બિન કયસનાં એક પ્રશ્નના ઉત્તરમાં ફરમાવ્યું હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે તેઓનો પવિત્ર હાથ મારી છાતી ઉપર રાખીને દુવા ફરમાવી હતી કે જુદા મને ઇલ્મ, ફહમ (ઉંડી સમજણ) હિકમત અને નૂર અતા કરે અને ફરમાવ્યું કે : ખુદાયા, અમને તાલીમ આપ, સ્મરણશીક્ત અતા

કર અને જે બાબતોની મેં તેમને તાલીમ આપી છે તે તેમની યાદાશતમાંથી ચાલી ન જાય.

મેં એક દિવસ હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)ને અર્ઝ કરી : મારા મા-બાપ (સ.અ.વ.) આપ ઉપર કુરબાન, જે દિવસથી આપ (સ.અ.વ.)એ મારા હકમાં એ દુવા ફરમાવી છે, ત્યારથી હું કોઇ વસ્તુ ભુલ્યો નથી. જે વાતોની આપે મને તાલીમ આપી છે તે પણ ભૂલ્યો નથી. આપે જે વાતો મને શિખ્વી છે તે લખી લીધી છે. શું આપ મારા ભૂલી જવા વિશે ચિંતિત છો?

આં હઝરત (સ.અ.વ.)એ ફરમાવ્યું : .........અય બિરાદર! હું તમારી જહાલત (અજ્ઞાનતા) અને ભૂલી જવા વિશે ફીકરમંદ નથી. હું તમારા માટે દુવા કરવા માંગુ છું. નિશંક, ખુદાવંદે આલમે તમારી અને તમારા સાથીઓની ઇતાઅતનો ઉલ્લેખ મારી અને તેની (અલ્લાહની) ઇતાઅતના વર્ણન સાથે કર્યો છે. મારા જાનશીન ગણાવ્યા છે. તેઓ વિશે ફરકમાવ્યું છે કે : ''અય સાહેબે - ઇમાન, ખુદા, રસૂલ, અને તમારી વચ્ચેના વલીએ અમ્રની ઇતાઅત કરો.''

મેં પુછ્યું : અય અલ્લાહના રસૂલ (સ.અ.વ.) તે હઝરાત કોણ છે? ફરમાવ્યું ..... તે મારા અવસીયા છે. લોકો તેઓની મદદ ન કરે તો તેઓ (અવસીયા) માટે નુકસાનકારક વાત નથી. તેઓ કુરઆનની સાથે છે. કુરઆન અને આ (અવસીયા) હૌઝે કૌસર ઉપર મારી મુલાકાત ન કરે ત્યાં સુધી એક બીજાથી જુદા નહીં થાય. તેઓ મારફત મારી ઉમ્મતની મદદ થશે. તેઓના કારણેજ વર્ષા ાથય છે. તેઓના લીધેજ બલાઓ દૂર થાય છે. તેમના વસીલાથી જ દુવાઓ કબુલ થાય છે.

મેં અર્ઝ કરી : ખુદાના રસૂલ (સ.અ.વ.) તેઓના નામ બયાન ફરમાવી દો. ફરમાવ્યું : અય 'અલી' તેઓમાંથી તમે પહેલાં છો, ત્યાર પછી મારો આ ફરઝન્દ (પોતાનો હાથ મુબારક ઇમામ હસન અલયહીસ્સલામના માથા ઉપર રાખ્યો) તેના પછી મારો આ ફરઝન્દ (પોતાના હાથ મુબારક ઇમામ હુસૈન અલયહીસ્સલામના ફરઝન્દ જેનું નામ તમારા નામથી છે તે ઝયનુલ અલયહીસ્સલામના ફરઝન્દ જેનું નામ તમારા નામથી છે તે ઝયનુલ આબેદીન અલયહીસ્સલામ તેની વિલાદત તમારા જમાનામાં થશે, તેઓને મારા સલામ કહેજો. તે પછી તેમના ફરઝન્દ મોહમ્મદ બાકિર અલયહીસ્સલામ છે. જેઓ મારા ઇલ્મનો પ્રસાર કરનારા અને વહીએ - ઇલાહીના સંરક્ષક છે. તેઓ પછી તેમના ફરઝન્દ જાઅફર સાદિક અલયહીસ્સલામ, તેમના પછી તેઓના ફરઝન્દ મુસા કાઝીમ અલયહીસ્સલામ, તેમના પછી તેમના ફરઝન્દ અલી રઝા અલયહીસ્સલામ, તે પછી તેમના ફરઝન્દ

મોહમ્મદ તકી અલયહીસ્સલામ, તેઓના પછી તેમના ફરઝન્દ અલી નકી અલયહીસ્સલામ, તેઓ પછી તેમના ફરઝન્દ હસને ઝકી અલયહીસ્સલામ અને તેમના પછી હુજ્જતે કાએમ (અજ.) છે. તેઓ અવસીયા અને ખોલફાના ક્રમની અંતિમ કડી છે. તેઓ (અ.સ.) મારા દુશ્મનો પાસેથી બદલો લેશે. ઝમીન જે રીતે ઝુલ્મો જૌરથી ભરી હશે, તેને અદલો – ઇન્સાફથી ભરી દેશે.

ત્યાર બાદ હઝરત અલી અમીરુલ મોઅમેનીન અલયહીસ્સલામે ફરમાવ્યું : ખુદાની કસમ, હું એ તમામ લોકોને ઓળખું છું, જે હજરે – અસ્વદ અને મકામે ઇબ્રાહીમની વચ્ચે તેઓની બયઅત કરશે, હું તેઓના અન્સારના નામ અને તેઓના કબીલાથી પણ પરિચિત છું.

હમ્માદ બિન ઇસા હક કહે છે કે : આ હદીસ મેં મારા આકા હઝરત ઇમામ જાઅફર સાદિક અલયહીસ્સલામની સામે બયાન કરી. હઝરતે રુદન ફરમાવ્યું અને કહ્યું સોલયમેં સાચું કહ્યું છે. કારણકે મારા પિતાએ તેમના વાલિદે બુઝુર્ગવાર, અલી ઇબ્નુલ હુસયન પાસેથી, તેઓએ પોતાના પિદરે – બુઝુર્ગવાર હુસયન બિન – અલી (અ.સ.)થી આ હદીસ મને બયાન કીર છે તે ઓએ હઝરત અમીરુલ મોઅમેનીન અલયહીસ્સલામને આ હદીસ એ વખતે સંભળાવી હતી. જ્યારે સોલયમ તેઓને પ્રશ્ન પૂછી રહ્યા હતા.

**હદીસ નં. ૨**

હઝરત ઇમામ હસન અલયહીસ્સલામે ફરમાવ્યું : મે મારા નાના હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)ને આં હઝરત પછી નોકબાઅ... ઇમામો વિશે પુછયું : આં હઝરત (સ.અ.વ.) ફરમાવ્યું : મારા પછી ઇમામ, નોકબાઅ.... બની ઇસ્રાઇલની સંખ્યા જેટલા ૧૨ (બાર) હશે. ખુદાવંદે આલમે તેઓ (અ.સ.)ને મારું ઇલ્મ અને ફહમ અતા કરેલ છે. અને અય 'હસન' (અ.સ.) તમો તેઓમાંથી છો. પછી મેં પુછયું : અય, ખુદાના રસૂલ અમો એહલેબયત (અ.સ.)ના 'કાએમ'નો ઝુહુર ક્યારે થશે? ફરમાવ્યું : અય હસન (અ.સ.) તેઓનું દ્રષ્ટાંત કયામત જેવું છે. ખુદાવંદે – આલમે આસમાન અને ઝમીનના રહેવાસીઓથી, તેઓના ઝુહુરની વાત ગુપ્ત રાખી છે તેઓ અચાનક જ ઝુહુર ફરમાવશે.

**હદીસ નં : ૩**

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલયહીસ્સલામે ફરમાવ્યું : હઝરત રસુલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે હઝરત અમીરુલ મોઅમેનીન અલયહીસ્સલામને ફરમાવ્યું કુરૈશ તમારી ઉપર પ્રભુત્વ મેળવશે. તમે હકીકતને વ્યક્ત કરશો અને બધા ભેગા મળીને તમારા પર ઝુલ્મ અને સીતમ કરશે. જો તમને કોઇ મદદગાર મળે તો તેમનો મૂકાબલો કરજો અને જો મદદગાર ન મળે તો સબ્ર કરજો. અને જીવની હિફાઝત કરજો. શહાદત તો તમારી પાછળ પાછળ છે.

નિશંક જે લોકોએ તમારી ઉપર તમારી અવલાદ ઉપર અને તમારા શીયાઓ ઉપર ઝુલ્મ કર્યો છે તેઓ પાસેથી દુનિયામાં મારો ફરઝંદ બદલો લેશે. અને આખરેતમાં ખુદાવંદે - આલમ આ ઝાલિમોને સખ્ત અઝાબ આપશે.

હઝરત સલમાને ફારસીને પુછયું કે : અય ખુદાના રસૂલ (સ.અ.વ.) તે બદલો લેનાર કોણ છે? ફરમાવ્યું : મારા ફરઝંદ હુસૈન (અ.સ.)નાં નવમાં ફરઝંદ, જેઓ એક લાંબા કાળની ગયબત પછી જાહેર થશે. ખુદાના હુકમનો જનસાધારણમાં પ્રસાર કરશે, ખુદાના દીનને જાહેર કરશે, ખુદાના દુશ્મનો પાસેથી બદલો લેશે, અને જમીન જે રીતે ઝુલ્મો - જૌરથી ભરી હશે, તેવી જ રીતે તેને અદલો - ઇન્સાફથી ભરી દેશે.

જનાબે - સલમાને પુછ્યું : અય ખુદાના રસુલ (સ.અ.વ.) તેઓ ક્યારે જાહેર થશે? આં હઝરત (સ.અ.વ.)એ ફરમાવ્યું : તેનું ઇલ્મ ફક્ત ખુદાને છે. પરંતુ તેની કેટલીક નિશાનીઓ છે. જેમ કે આસમાની અવાજ, પૂર્વ અને પશ્ચિમમાં બયદા (નામની જગ્યા જે મકક્ષકા અને મદીનાની વચ્ચે છે તે) માં જમીનનું ધસી જવું.

**હદીસ નં. ૪**

અબૂ ખાલિદ કાબલીનું બયાન છે કે : હું મારા આકા હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અલયહીસ્સલામની ખિદમતમાં હાજર થયો. તેઓનાં હાથમાં એક સહીફો (પુસ્તક) હતો. જે તેઓ વાંચી રહ્યા હતા અને રડી રહ્યા હતા. મેં અર્ઝ કરી : અય ફરઝંદે રસૂલ (સ.અ.વ.) મારા મા-બાપ આપની ઉપર કુરબાન થાય આ ક્યું પુસ્તક છે?

ફરમાવ્યું : આ લવ્હનો એક ભાગ છે જે ખુદાએ, રસુલે ખુદા (સ.અ.વ.)ને ભેટ રુપે આપ્યું છે. આમાં ખુદાનું નામ, તેના રસૂલ (સ.અ.વ.) અમીરુલ મોઅમેનીન (અ.સ.) મારા કાકા હસન બિન અલી (અ.સ.), મારા વાલિદે બુઝુર્ગવારનુઃ નામ છે.

આમાં મારું નામ, મારા ફરઝંદ – મોહમ્મદ બાકિર (અ.સ.)નું નામ, તેઓના ફરઝંદ જાઅફર સાદિક (અ.સ.)નું, તેઓના ફરઝંદ મુસા કાઝિમ (અ.સ.), તેમના ફરઝંદ અલી રઝા (અ.સ.), તેમના ફરઝંદ મોહમ્મદ તકી (અ.સ.), તેમના ફરઝંદ અલી નકી (અ.સ.), તેમના ફરઝંદ હસન ઝકી (અ.સ.) અને તેમના ફરઝંદ હુજ્જત (અ.સ.) જેઓ ખુદાના હુકમથી કયામ કરશે, તે બધાના નામ મોજૂદ છે. તેઓ ખુદાના દુશ્મનો પાસેથી બદલો લેશે એમનીગૈબત લાંબી હશે. પછી તેઓ ઝાહીર થશે. જમીન જે રીતે ઝુલ્મો – જોરથી ભરપુર હશે તેવીજ  રીતે તેને અદલો – ઇન્સાફથી ભરી દેશે.

**હદીસ નં. ૫**

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલયહીસ્સલામે ફરમાવ્યું : હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે. હઝરત અલી બિન અબી તાલિબને ફરમાવ્યું મોમીનો પરખુદ એમને પોતાને પોતા પર ઇખ્તેયાર હોય, તેના કરતા મને તેમના પર વધારે ઇખ્તેયાર તથા વિલાયત છે. મારા પછી તમને આ ઇખ્તેયાર હાસિલ છે. તે પછી હસન (અ.સ.) તે પછી હુસૈન (અ.સ.), તે પછી અલી ઇબ્નુલ હસૈન (અ.સ.), તેના પછી મોહમ્મદ બિન અલી (અ.સ.), તે પછી જાઅફર બિન મોહમ્મદ (અ.સ.) પછી મુસા બિન જાઅફર (અ.સ.), તે પછી અલી બિન મુસા (અ.સ.), તે પછી મોહમ્મદ બિન અલી (અ.સ.), તેના પછી અલી બિન મોહમ્મદ (અ.સ.), અને તેના પછી હસન બિન અલી (અ.સ.)..... બધાને એક પછી એક ક્રમાનુસાર અને અખત્યાર હાસિલ છે અને પછી હુજ્જત બિન હસન (અ.સ.)ને. તેઓ પર ખિલાફત અને વસાયતનો અંત આવી જશે. તેઓ લાંબા સમય સુધી ગયબત કરશે. અને ત્યાર પછી જાહેર થશે. તેઓ (અ.સ.) દુનિયા જે રીતે ઝુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે. તેને અદલો ઇન્સાફથી ભરી દેશે.

**હદીસ નં. ૬**

ઇમામ જાઅફર સાદિક અલયહીસ્સલામે ફરમાવ્યું : હઝરત અમીરુલ મોઅમેનીન અલયહીસ્સલામને હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)ની હદીસ 'હદીસે સકલૈન'માં આવતા 'ઇતરત' શબ્દનો અર્થ પૂછવામાં આવ્યો ત્યારે હઝરતે ફરમાવ્યું : ''હું, હસન (અ.સ.), હુસૈન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ની નસ્લમાંથી નવ ઇમામ 'ઇતરત' છીએ. જેમાંના નવમાં 'મહદી અજ.' છે. આ લોકો ખુદાની કિતાબથી જુદા નહીં થાય અને ખુદાની કિતાબ તેઓથી જુદી નહીં થાય, એટલે સુધી કે હવ્ઝે કૌસર પર હઝરત રસુલે

ખુદા (સ.અ.વ.)ની મુલાકાત કરે.''

**હદીસ નં. ૭**

હઝરત ઇમામ મોહમ્મદે બાકીર (અ.સ.) ફરમાવે છે : હઝરત ઇમામ હુસૈન (અ.સ.) પોતાની શહાદતની એક રાત પહેલા, પોતાના સહાબીઓને સંબોધીને ફરમાવ્યું : હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ મને કહ્યું : 'હે મારા ફરઝંદ! તમો સરઝમીને ઇરાક તરફ સફર કરશો જ્યાં એક જગ્યાનું નામ કરબલા અથવા ઉમુરા છે ત્યાં પહોંચશો. તમો અને તમારા સાથે તમારા અમુક સાથીઓ શહીદ થશો. રસુલે ખુદા (સ.અ.વ.)એ જે ફરમાવ્યું હતું એ સમય પાસે આવી ગયો છે. હું આવતી કાલે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે જઇશ. તમારમાંથી જે કોઇ પાછા જવા માગતા હોય તો આ રાતમાંજ પાછા જઇ શકે છે. મારા તરફથી પૂરી રજા છે. કોઇ રોક નથી. ઇમામે (અ.સ.) બહુજ તાકીદ કરી પણ કોઇ પણ જવા તૈયાર ન થયા. બધાએ કહ્યું : ખુદાની કસમ આપથી જુદા નહીં થઇએ. જ્યાં આપ જશો ત્યાં અમો પણ સાથે આવશું.

આ સાંભળી ઇમામે હુસૈન (અ.સ.)એ ફરમાવ્યું : તમોને જન્નતની બશારત થાય. ખુદાની કસમ, શહાદત પછી જ્યાં સુધી ખુદા ચાહશે ત્યાં સુધી આપણે બરઝખમાં રહેશું.